અનુસૂચિત જાતિની આદર્શ નિવાસી શાળાઓમાં વિદ્યાર્થીઓને આપવામાં આવતી ગણવેશ, બુટ-મોજા અને સ્ટેશનરીની સવલતો DBT મારફત ચૂકવવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃઅજાક/૧૦૨૦૨૦/૧૮૮૦૫૮/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા:૧૩/૦૮/૨૦૨૦

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૬/03/૨૦૦૭નો ઠરાવ ક્રમાંક: અનશ/૧૫૨૦૦૬/ન.બા.૬/ગ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૯/૦૪/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: અનશ/૧૦૧૭/૭૨૧૩૪-(ન.બા.૧૭)/ગ

(3) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૧/૦૫/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: અનશ/૧૦૨૦૧૭/૬૫૬૬૩૫-ન.બા.૧૧/અ.૧

(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.03/૦૭/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: અનશ/૧૦૨૦૧૯/૬૦૭૫૫૧/ન.બા.૦૨/ગ

(૫) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૦૧/૦૬/૨૦૨૦નો પત્ર ક્રમાંક:અજાક/ગ-૧/૨/૨૦૨૦-૨૧/૨૩૨૬

(૬) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૪/૦૭/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક: અનશ/૧૨૨૦૨૦/૫૬૩/અ.૧

ઠરાવ:-

વંચાણે લીધેલ ક્રમાંક: (૧),(૨) અને (૪) પરના ઠરાવથી અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તક અનુસૂચિત જાતિ માટે ચાલતી આદર્શ નિવાસી શાળાઓમાં વિદ્યાર્થીઓને વિના મુલ્યે રહેવા, જમવા, ભણવાની સાથે સ્ટેશનરી, ગણવેશ તથા બુટ-મોજાની સુવિધા પણ પુરી પાડવામાં આવે છે. હાલના ધારા-ધોરણ મુજબ ખાતા હસ્તકની આદર્શ નિવાસી શાળાઓમાં વિદ્યાર્થીઓને વિદ્યાર્થી દીઠ બુટ-મોજા માટે રૂ.૪૦૦/- તથા સ્ટેશનરીની માટે રૂ.૨૦૦/- તથા ગણવેશ માટે રૂ.૬૦૦/- ની ખર્ચ મર્યાદામાં સહાય ચૂકવવામાં આવે છે. વંચાણે લીધેલ ક્રમાંક:(3) પરના ઠરાવથી વિકસતી જાતિ કલ્યાણ ખાતા

હસ્તકની આદર્શ નિવાસી શાળાઓમાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય DBTથી ચૂકવવાનો નિર્ણય નાણા વિભાગની અનુમતિથી કરવામાં આવેલ છે. તથા વંચાણે લીધેલ ક્રમાંક: (૬) પરના ઠરાવથી વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની આદર્શ નિવાસી શાળાઓમાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓને બૂટ મોજા અને સ્ટેશનરી સહાય DBTથી ચૂકવવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક: (૫) પરના પત્રથી નિયામકશ્રી(અ.જા.ક.) દ્વારા કરવામાં આવેલ દરખાસ્ત અનુસાર અનુસૂચિત જાતિની આદર્શ નિવાસી શાળાઓમાં વિદ્યાર્થીઓને આપવામાં આવતી ગણવેશ, બુંટ-મોજા અને સ્ટેશનરીની સવલતો DBT મારફત ચૂકવવા માટે ઠરાવની શરતોમાં જરૂરી સુધારા કરવા માટેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧થી અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની આદર્શ નિવાસી શાળાઓમાં વિદ્યાર્થી દીઠ આપવામાં આવતી સહાય અનુક્રમે ગણવેશ માટે રૂ.૬૦૦/-, બુટ-મોજા માટે રૂ.૪૦૦/- તથા સ્ટેશનરીની માટે રૂ.૨૦૦/- એમ કુલ રૂ.૧૨૦૦/- DBT મારફત ચૂકવવાની જોગવાઇ કરવામાં આવે છે. આ ઉપરાંત ભવિષ્યમાં વખતો વખત અનુસૂચિત કલ્યાણ ખાતા હસ્તકની આદર્શ નિવાસી શાળાઓમાં વિદ્યાર્થીઓને આપવામાં આવતી ગણવેશ, બૂટ-મોજાં અને સ્ટેશનરીની સહાયમાં ફેરફાર કરવામાં આવે તો તે સહાય પણ DBT મારફતે ચૂકવવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન.મંત્રીશ્રી(સા.ન્યા)ની તા.૦૧/૦૭/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિષ્ણુ પટેલ)

ઉપ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(3) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૪) નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.

(૫) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૬) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૭) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૮) સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી મારફત)

(૯) સેકશન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૧૦) સેકશન અધિકારીશ્રી(બ-શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય

(૧૧) સિલેકટ ફાઇલ-૨૦૨૦